For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ઓછું ટર્નઆઉટ, પરંતુ દર 10માંથી 7 મત ભાજપને મળ્યાં

# માંજલપુર બેઠક પર સતીશ પટેલનો ૩૦,૬૩૦ મતે વિજય

| 55,481 | 24,851 | 69.07% | 30.93% | 2,19,607 | 37.6% | 2,247 (2.72%) |
|---|---|---|---|---|---|---|
| સતેન્દ્રભાઈ પટેલ (ભાજપ)ને મળેલા મત | ભીખાભાઈ રબારી (કોંગ્રેસ)ને મળેલા મત | ભાજપ મતશેર | કોંગ્રેસ મતશેર | કુલ મતદારો | મતદાન ટકાવારી | NOTA |

## કોંગ્રેસના ભીખાભાઈ રબારીનો કારમો પરાજય



(પ્રતિનિધિ) વડોદરા તા.3

સંસ્કારી નગરી વડોદરાની હાઈપ્રોફાઈલ અને ભારતીય જનતા પાર્ટીનો પરંપરાગત અજેય ગઢ ગણાતી ૧૪૫-મંજલપુર વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં ભાજપે ફરી એકવાર પોતાનું પ્રભુત્વ સાબિત કર્યું છે. સોમવાર, ૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ વડોદરાના મકરપુરા સ્થિત ભવન્સ સ્કૂલ ખાતે હાથ ધરવામાં આવેલી મતગણતરીના અંતે ભાજપના ઉમેદવાર સતીશ ગોવિંદભાઈ પટેલે પોતાના નજીકના હરીફ અને કોંગ્રેસના ઉમેદવાર ભીખાભાઈ રબારીને ૩૦,૬૩૦ મતોના અંતરથી પરાજય આપ્યો છે. ભાજપના પીઢ નેતા અને ૮ વખત ધારાસભ્ય રહી ચૂકેલા સ્વ. યોગેશ પટેલના ગત જૂન મહિનામાં થયેલા અવસાન બાદ ખાલી પડેલી આ બેઠક પર ભાજપે ફરી ભગવો લહેરાવ્યો છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા અધિકૃત આંકડા મુજબ, મકરપુરા ખાતે કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલી કુલ ૨૦ રાઉન્ડની મતગણતરીના અંતે ભાજપના વિજેતા ઉમેદવાર સતીશ પટેલને ૫૫,૪૮૧ મત (૬૭.૧૯%) પ્રાપ્ત થયા હતા.

જ્યારે સામે પક્ષે કોંગ્રેસના ઉમેદવાર અને પૂર્વ મંત્રી ભીખાભાઈ રબારીને ૨૪,૮૫૧ મત (૩૦.૦૯%) મળ્યા હતા. આ પેટાચૂંટણીમાં ૨,૨૪૭ મતદારો (૨.૭૨%) એ 'નોટા' (NOTA) નો વિકલ્પ પસંદ કર્યો હતો. આ વિજય સાથે ૧૮૨ સભ્યોની ગુજરાત વિધાનસભામાં શાસક પક્ષ ભાજપનું સંખ્યાબળ વધીને ૧૬૨ પર પહોંચી ગયું છે.ચૂંટણી પરિણામોનું વિશ્લેષણ કરતાં સ્પષ્ટ થાય છે કે ગત ૨૦૨૨ ની સામાન્ય વિધાનસભા ચૂંટણીની સરખામણીએ આ પેટાચૂંટણીમાં મતદાનની ટકાવારીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જેના કારણે ભાજપના વિજયની સરસાઈ (માર્જિન) માં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૨૨ માં આ બેઠક પર ૬૦.૧૫% મતદાન થયું હતું અને સ્વ. યોગેશ પટેલે કોંગ્રેસના ઉમેદવારને ૧,૦૦,૭૫૪ મતોના જંગી માર્જિનથી હરાવ્યા હતા. જ્યારે ૨૦૨૬ ની આ પેટાચૂંટણીમાં માત્ર ૩૭.૫૦% મતદાન નોંધાતાં ભાજપની જીતની સરસાઈ ઘટીને ૩૦,૬૩૦ મત રહી ગઈ છે. આ પેટાચૂંટણીમાં કુલ ૨.૧૯ લાખ મતદારોમાંથી ૮૨,૫૭૯ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૩૦ જુલાઈના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી યોજાયેલા મતદાનમાં શરૂઆતથી જ ધીમી ગતિ જોવા મળી હતી. ભાજપના નવ-નિર્વાચિત ધારાસભ્ય સતીશ પટેલે આ વિજયને મંજલપુરની પ્રજા અને કાર્યકરોના પરિશ્રમનો વિજય ગણાવ્યો છે, જ્યારે કોંગ્રેસે મતદાનના ઓછા ટકા અને ચૂંટણી પ્રક્રિયા પર સવાલો ઉઠાવ્યા છે. પરિણામ બાદ ભાજપના કાર્યકરોએ વિજય સરઘસ કાઢીને વિજયોત્સવ મનાવ્યો હતો.ચૂંટણી દરમિયાન માત્ર લગભગ 37.5 ટકા મતદાન નોંધાયું હતું, જે સામાન્ય વિધાનસભા ચૂંટણીની સરખામણીએ નોંધપાત્ર રીતે ઓછું છે. તેમ છતાં પરિણામમાં ભાજપને લગભગ દર 10માંથી 7 મત મળ્યા, જે દર્શાવે છે કે ઓછા મતદાનનો પક્ષને નુકસાન થયું નહીં.



### પ્રજાકીય પ્રશ્નોનો નિકાલ લાવવો હવે એ જ મારી પ્રાથમિકતા

"માંજલપુરના જાગૃત અને પ્રબુદ્ધ મતદારોનો હું હૃદયપૂર્વક આભાર માનું છું કે તેમણે મંજલપુરને ભારતીય જનતા પાર્ટીનો અજેય ગઢ જાળવી રાખ્યો છે. જનતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલજીના નેતૃત્વમાં ફરી એકવાર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. અમારા માર્ગદર્શક અને પૂર્વ મંત્રી સ્વ. યોગેશ કાકાએ માંજલપુરમાં જે વિકાસકાર્યોની જ્યોત પ્રગટાવી હતી, તેને અમે નિષ્ઠાપૂર્વક આગળ ધપાવીશું. વિસ્તારના નાનામાં નાના માણસ, ગરીબો અને વંચિતો સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવો અને પ્રજાકીય પ્રશ્નોનો નિકાલ લાવવો એ મારી પ્રથમ પ્રાથમિકતા રહેશે."

**સતીશ પટેલ**, વિજેતા ઉમેદવાર, ભાજપ

### લોકશાહીના રક્ષણ માટે આપણી લડાઈ અવિરતપણે ચાલુ રહેશે



"આ ચૂંટણી સમાન તકો વચ્ચે લડાયેલી નિષ્પક્ષ ચૂંટણી નહોતી. ભાજપે પોતાની હારના ડરથી સમગ્ર સરકારી તંત્ર, મંત્રીઓ અને વહીવટી મશીનરીનો બેફામ દુરુપયોગ કર્યો છે. ચૂંટણી આચારસંહિતાનો ખુલ્લેઆમ ભંગ તેમજ અમારા કાર્યકરોને ધાક-ધમકી આપીને ડરાવવામાં આવ્યા હતા. મતદાનની ટકાવારીમાં થયેલા ઘટાડા પાછળ પણ સરકારી તંત્ર દ્વારા ઊભો કરાયેલો દબાણનો માહોલ જવાબદાર છે. આટલી વિપરીત પરિસ્થિતિઓ વચ્ચે પણ મારી પર વિશ્વાસ મૂકીને મત આપનારા ૨૪,૮૫૧ મતદારોનો હું આભારી છું.

**ભીખાભાઈ રબારી**, પરાજિત ઉમેદવાર, કોંગ્રેસ

| ભારતીય જનતા પાર્ટી (BJP) | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC) |
|---|---|
| **૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી:** | **૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી:** |
| **ઉમેદવાર:** સ્વ. યોગેશ પટેલ | **ઉમેદવાર:** ડો. તશવીન સિંહ |
| **મળેલા વોટ:** ૧,૨૦,૧૩૩ વોટ | **મળેલા વોટ:** ૧૯,૩૭૯ વોટ |
| **વોટ ટકાવારી:** ૭૫.૮૬% (કુલ પડેલા વોટના) | **વોટ ટકાવારી:** ૧૨.૨૪% (કુલ પડેલા વોટના) |
| **૨૦૨૬ ની પેટાચૂંટણી** | **૨૦૨૬ ની પેટાચૂંટણી** |
| **ઉમેદવાર:** સતીશ ગોવિંદભાઈ પટેલ | **ઉમેદવાર:** ભીખાભાઈ રબારી |
| **મળેલા વોટ:** ૫૫,૪૮૧ વોટ | **મળેલા વોટ:** ૨૪,૮૫૧ વોટ |
| **વોટ ટકાવારી:** ૬૭.૧૯% (કુલ પડેલા વોટના) | **વોટ ટકાવારી:** ૩૦.૦૯% (કુલ પડેલા વોટના) |
| **ફેરફાર:** ભાજપના વોટમાં ૬૪,૬૫૨ વોટનો ઘટાડો અને વોટ શેર ટકાવારીમાં ૮.૬૭% નો ઘટાડો નોંધાયો છે. | **ફેરફાર:** કોંગ્રેસના વોટમાં ૫,૪૭૨ વોટનો વધારો અને વોટ શેર ટકાવારીમાં ૧૭.૮૫% નો વધારો નોંધાયો છે. |

### ભાજપના ઉમેદવાર સતીશ પટેલે સ્વ. યોગેશ પટેલના નિવાસ્થાને પહોંચી આશીર્વાદ લીધા



માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીની મતગણતરીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સતીશ પટેલ પ્રારંભિક રાઉન્ડથી જ મજબૂત લીડ મેળવીને ભવ્ય વિજય તરફ આગળ વધી રહ્યા છે. ભાજપની આ જીત નિશ્ચિત જણાતા જ ઉમેદવાર સતીશ પટેલ અને વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશ સોની સ્વર્ગસ્થ ધારાસભ્ય યોગેશ પટેલના નિવાસસ્થાને પહોંચ્યા હતા. તેમણે સ્વ. યોગેશ પટેલના પત્ની સરોજબેન પટેલના આશીર્વાદ લીધા હતા, જ્યાં સરોજબેને તેમને પુષ્પગુચ્છ અર્પણ કરી શુભકામનાઓ પાઠવી હતી.

### માંજલપુરમાં ભાજપનો અડીખમ ગઢ યથાવત્

145-માંજલપુર વિધાનસભા પેટાચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ માત્ર બેઠક જાળવી રાખી નથી, પરંતુ પોતાના સંગઠન અને પરંપરાગત મતબેંકની મજબૂતી પણ ફરી સાબિત કરી છે. ભાજપના ઉમેદવાર સતેન્દ્રભાઈ (સતીષ) પટેલે 55,481 મત (69.07%) મેળવી કોંગ્રેસના *ભીખાભાઈ રબારી (24,851 મત - 30.93%)*ને 30,630 મતના વિશાળ અંતરથી હરાવ્યા. આ પરિણામ સાથે ભાજપે માંજલપુરમાં સતત પોતાનું પ્રભુત્વ જાળવી રાખ્યું છે.

### ભાજપની જીત પાછળના મુખ્ય પરિબળો

**1. સંગઠનની મજબૂતી** : ઓછા મતદાનવાળી પેટાચૂંટણીમાં સામાન્ય રીતે સંગઠન સૌથી મોટું પરિબળ બને છે. ભાજપે બૂથ સ્તર સુધી કાર્યકરોને સક્રિય રાખીને પોતાના સમર્થકોને મતદાન મથક સુધી પહોંચાડવામાં સફળતા મેળવી હોવાનું પરિણામ સૂચવે છે. **2. સહાનુભૂતિ અને વારસાનું પરિબળ** । આ બેઠક ભાજપના લોકપ્રિય ધારાસભ્ય યોગેશ પટેલના અવસાન બાદ ખાલી પડી હતી. પેટાચૂંટણીમાં ભાજપને તેમના લાંબા સમયના કાર્ય અને સ્થાનિક જોડાણનો લાભ મળ્યો હોવાનું રાજકીય વિશ્લેષકો માને છે. **3. કોંગ્રેસ મતવિસ્તારમાં પડકાર ઉભો કરી શકી નહીં** । કોંગ્રેસે 30 ટકા કરતાં થોડા વધુ મત મેળવ્યા, પરંતુ ભાજપના મજબૂત સંગઠન અને મતફેર સામે અસરકારક પડકાર ઊભો કરી શકી નહીં.

### ચૂંટણી પ્રક્રિયા

ભારતના ચૂંટણી પંચે 6 જુલાઈ 2026ના રોજ માંજલપુર સહિત ત્રણ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી જાહેર કરી હતી. 30 જુલાઈએ મતદાન અને 3 ઓગસ્ટે મતગણતરી યોજાઈ હતી.

### રાજકીય સંદેશ

1. માંજલપુરમાં ભાજપની શહેરી મતબેંક હજુ પણ મજબૂત છે.
2. ઓછા મતદાન છતાં ભાજપે પોતાના સમર્થકોને અસરકારક રીતે મતદાન કરાવ્યા.
3. કોંગ્રેસે મત મેળવ્યા છતાં જીત માટે જરૂરી વધારાનો આધાર ઊભો કરી શક્યો નથી.

## માંજલપુરમાં ભાજપનો વિજય પણ લીડનો ગ્રાફ ગગડ્યો: સતિષ પટેલનો વિજયી ધ્વજ, કોંગ્રેસનો સરકારી તંત્ર સામે આક્ષેપ

વડોદરાઃ સંસ્કારી નગરી વડોદરાની હાઈપ્રોફાઈલ ગણાતી માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર સતિષ પટેલે કોંગ્રેસના ઉમેદવાર ભીખાભાઈ રબારીને ૩૦ હજારથી વધુ મતોની સરસાઈથી પરાજય આપીને ભાજપનો ગઢ અકબંધ રાખ્યો છે. ભાજપના દિગ્ગજ નેતા અને આઠ વખત ધારાસભ્ય રહેલા સ્વર્ગસ્થ યોગેશ પટેલના નિધનથી ખાલી પડેલી આ બેઠક પર યોગેશ કાકાના દબદબા અને પક્ષના સંગઠનના જોરે ભાજપે જીતનો સિલસિલો જાળવી રાખ્યો છે. જોકે, ચૂંટણી પરિણામોએ પક્ષ માટે ચિંતાનો વિષય પણ ઊભો કર્યો છે, કારણ કે વર્ષ ૨૦૨૨ની સામાન્ય ચૂંટણીમાં જ્યાં યોગેશ કાકાએ ૧ લાખથી વધુ મતોની રેકોર્ડબ્રેક લીડ મેળવી હતી, ત્યાં આ પેટાચૂંટણીમાં વિજયી લીડ ઘટીને માત્ર ૩૦ હજાર આસપાસ સમેટાઈ ગઈ છે. આ પેટાચૂંટણીમાં શરૂઆતથી જ મતગણતરીના તમામ રાઉન્ડમાં ભાજપના સતિષ પટેલે પોતાની પકડ મજબૂત જાળવી રાખી હતી અને કોંગ્રેસને એકપણ રાઉન્ડમાં આગળ નીકળવાનો મોકો આપ્યો નહોતો. આશરે ૩૭.૫ ટકા જેટલા નોંધપાત્ર રીતે નીચા મતદાન વચ્ચે ભાજપના સતિષ પટેલને ૫૫,૨૪૪ મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસના ભીખાભાઈ રબારીને ૨૪,૬૭૭ મત મળ્યા હતા. જોકે, મતદાનની ટકાવારીમાં થયેલા જંગી ઘટાડા અને સ્થાનિક સ્તરે મતદારોની નીરસતાને કારણે ભાજપની લીડમાં આશરે ૭૦ હજાર મતોનો મોટો તફાવત જોવા મળ્યો છે. વિજય બાદ ભાજપના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો અને આ વિજયને સ્વ. યોગેશ કાકાને સાચી શ્રદ્ધાંજલિ ગણાવી હતી.

### ભાજપની મજબૂત ગણાતી લીડને કોંગ્રેસે તોડી

પરાજય બાદ કોંગ્રેસના ઉમેદવાર અને પ્રદેશ કોંગ્રેસના ઉપાધ્યક્ષ ભીખાભાઈ રબારીએ ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. તેમણે પરિણામો બાદ નિવેદન આપતા જણાવ્યું હતું કે આ ચૂંટણી સંપૂર્ણપણે નિષ્પક્ષ રીતે યોજાઈ નથી. સત્તાધારી પક્ષ દ્વારા સરકારી તંત્રનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાના અને ચૂંટણી આચારસંહિતાના ભંગના આરોપો તેમણે લગાવ્યા હતા. વિરોધ પક્ષના મુદ્દાઓએ ભાજપની મજબૂત ગણાતી લીડને તોડી પાડી છે.

**NOTA શું કહે છે?** । 2,247 મતદારોએ (2.72%) NOTA પસંદ કર્યું. આ આંકડો દર્શાવે છે કે મર્યાદિત સંખ્યામાં મતદારો ઉપલબ્ધ ઉમેદવારોથી અસંતુષ્ટ હતા, પરંતુ તે પરિણામને અસર કરે તેટલો મોટો નહોતો.

### પાલિકા અને ટ્રાફિક પોલીસની ઘોર નિષ્ક્રિયતા સામે આવી

## તરસાલી મુક્તિધામ બહાર વાહનોના ખડકલાથી મુલાકાતીઓ ત્રાહિમામ



પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરાના તરસાલી વિસ્તારમાં આવેલા મુક્તિધામ ખાતે પાર્કિંગની ગંભીર સમસ્યા સર્જાતાં અંતિમયાત્રામાં આવતા સગા-સંબંધીઓ અને સ્થાનિક રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. સ્મશાન માટે ખાસ ફાળવવામાં આવેલી પાર્કિંગની જગ્યામાં બહારના લોકો દ્વારા આડેધડ વાહનો ખડકી દેવામાં આવતા અહી અંતિમ સંસ્કાર માટે આવતા લોકોને પોતાના વાહનો પાર્ક કરવા જગ્યા જ મળતી નથી.

અહીં મુલાકાતે આવતા લોકો અને સંચાલકોના જણાવ્યા મુજબ, નોકરીએ જતા અનેક લોકો પોતાના વાહનો આ સ્મશાનના ડેડિકેટેડ પાર્કિંગમાં મૂકીને જતા રહે છે. જ્યારે તેમને અહીં વાહનો મૂકવાની ના પાડવામાં આવે છે, ત્યારે તેઓ એવો બચાવ કરે છે કે આ કોર્પોરેશનની જગ્યા છે અને આજુબાજુ અન્ય કોઈ પાર્કિંગની વ્યવસ્થા નથી. સ્મશાન પરિસરમાં સ્પષ્ટપણે 'નો પાર્કિંગ'ના બોર્ડ મારેલા હોવા છતાં લોકો તેને ગંભીરતાથી લેતા નથી અને સુરક્ષાકર્મીઓ કે સ્થાનિકો દ્વારા ટોકવામાં આવે ત્યારે દાદાગીરી પર ઉતરી આવે છે. આ ગંભીર બેદરકારી અંગે પાલિકાના અધિકારીઓ તેમજ ટ્રાફિક પોલીસને પણ જાણ કરવામાં આવી છે. સ્થાનિકોએ અગાઉ જ્યારે ટ્રાફિક પોલીસનો સંપર્ક કર્યો ત્યારે ક્રેન લાવીને અનધિકૃત વાહનો હટાવવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ કોઈ જ નક્કર કામગીરી કરવામાં આવી નથી. અધિકારીઓ દ્વારા કોઈ સ્થળ મુલાકાત ન લેવાતાં અને તંત્રની નિષ્ક્રિયતાના કારણે દિન-પ્રતિદિન પાર્કિંગની સમસ્યા વધુ વિકટ બની રહી છે.

## ટાટ-એસ ૨૦૨૬ મુખ્ય પરીક્ષા ૨૦ સપ્ટેમ્બરેઃ સમયપત્રક જાહેર

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

ગુજરાતની માધ્યમિક શાળાઓમાં શિક્ષક બનવા માટે જરૂરી શિક્ષક અભિરુચિ કસોટી - માધ્યમિક TAT-S 2026ની મુખ્ય પરીક્ષાને લઈને રાજ્ય પરીક્ષા બોર્ડે મોટી જાહેરાત કરી છે. હજારો ઉમેદવારો જે આ પરીક્ષાની રાહ જોઈ રહ્યા હતા તેમના માટે બોર્ડે સત્તાવાર નોટિફિકેશન અને સમયપત્રક બહાર પાડ્યું છે. રાજ્ય પરીક્ષા બોર્ડના આદેશ મુજબ, પ્રિલિમિનરી કસોટીમાં સફળ થયેલા ઉમેદવારો 20 સપ્ટેમ્બર 2026, રવિવારના રોજ મુખ્ય પરીક્ષા આપશે. આ પરીક્ષા વર્ણનાત્મક અને વિષયવસ્તુ આધારિત રહેશે. ઉમેદવારો માટે મહત્વની સૂચના એ છે કે પરીક્ષામાં બેસનારા તમામ ઉમેદવારો 7 સપ્ટેમ્બર 2026થી બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જઈને પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મતારીખ નાખીને હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે.

### અમદાવાદ-મુંબઈ રૂટ પર ટ્રેનોની અવરજવર યથાવત

## આણંદ યાર્ડમાં ગુડ્સ ટ્રેનના બે વેગન પાટા પરથી ઉતર્યા

**બપોરે લૂપ** લાઇન પર સર્જાયો બનાવ

**રેલવેની રિસ્ટોરેશન** ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

આણંદ રેલવે સ્ટેશનના યાર્ડમાં આજે બપોરે એક અકસ્માત સર્જાયો હતો. બપોરે 12:45 કલાકે લૂપ લાઈન પરથી પસાર થઈ રહેલી એક માલગાડીના બે વેગનના પૈડા પાટા પરથી ઉતરી ગયા હતા. પશ્ચિમ રેલવેના પીઆરઓ અનુભવ સક્સેનાએ જણાવ્યું કે આ ઘટના યાર્ડની લૂપ લાઈન પર બની હોવાથી અમદાવાદ-મુંબઈ મેઈન રૂટ પર ટ્રેનોની અવરજવરને કોઈ અસર થઈ નથી. અપ અને ડાઉન બંને મેઈન લાઈન પર ટ્રેનો નિર્ધારિત સમય મુજબ દોડી રહી છે. મુસાફરોને કોઈ અગવડતા પડી નથી. ઘટનાની જાણ થતાં જ રેલવેના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સાથે જ કંટ્રોલ ઓફિસમાંથી પણ પરિસ્થિતિ પર સત નજર રાખવામાં આવી રહી છે.

રેલવેની ટેકનિકલ ટીમ અને રિસ્ટોરેશન સ્ટાફ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. પાટા પરથી ઉતરેલા વેગનોને ફરીથી ટ્રેક પર લાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ રિસ્ટોરેશનનું કામ ટૂંક સમયમાં પૂર્ણ કરી દેવામાં આવશે. રેલવે તંત્ર દ્વારા સમગ્ર મામલે તપાસ પણ શરૂ કરવામાં આવી છે કે વેગન પાટા પરથી ઉતરવાનું કારણ શું હતું.

### RTO અને ટ્રાફિક પોલીસની કામગીરી સામે ઊઠ્યા ગંભીર સવાલો

## 'ભાજપ યુવા મોર્ચા' લખેલી ગાડી શહેરના રાજમાર્ગો પર દ્રશ્યમાન

**સોશિયલ મીડિયા** પર ફોટા વાયરલ થતાં તંત્ર મૌન




વડોદરાઃ એક તરફ માંજલપુર વિધાનસભા પેટાચૂંટણીમાં વિજયનો ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો, ત્યારે બીજી તરફ વડોદરાના માર્ગો પરથી પસાર થતી એક અનોખી ગાડીએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. કેમેરામાં કેદ થયેલા દ્રશ્યોમાં જોવા મળ્યું છે કે એક વાહનની નંબર પ્લેટ પર નિયમ મુજબના નંબરની સાથે સ્પષ્ટપણે 'ભારતીય જનતા પાર્ટી યુવા મોર્ચા' લખાણ લખવામાં આવ્યું છે. સામાન્ય રીતે વાહન વ્યવહાર નિયમો અનુસાર કોઈપણ ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર પર માત્ર RTO દ્વારા નિર્ધારિત અને માન્ય નંબર પ્લેટ લગાવવી ફરજિયાત હોય છે. પરંતુ નંબરની સાથે રાજકીય હોદ્દો કે પક્ષનું નામ દર્શાવતી આ નંબર પ્લેટ સામે આવતા જ ભારે ચર્ચા જગાવી છે. આ ઘટનાને પગલે વડોદરાના નાગરિકો અને વાહનચાલકોમાં અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. મુખ્ય પ્રશ્ન એ ઊભો થાય છે કે શું RTO તંત્ર આ પ્રકારની લખાણવાળી ખાસ નંબર પ્લેટો ઈશ્યૂ કરે છે અથવા તો માન્યતા આપે છે? આ ઉપરાંત શહેરના વિવિધ ચોક અને માર્ગો પર તૈનાત ટ્રાફિક પોલીસના જવાનોની નજરમાંથી આ વાહન કેવી રીતે બચી ગયું અને તેમને રોડ પર મુક્તપણે ફરવાની મંજૂરી કઈ રીતે મળી રહી છે તેને લઈને પણ ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. હાલમાં 'ભારતીય જનતા પાર્ટી યુવા મોર્ચા' લખેલી આ ગાડીના ફોટા અને વિડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યા છે, જેણે પોલીસ અને RTO તંત્રની કામગીરી સામે પ્રશ્નાર્થ ચિહ્ન ખડું કર્યું છે.

## વાસદ બ્રિજ પરથી કૂદી ગયેલા યુવકની લાશ સિંધરોટ નજીક મળી

વડોદરાઃ આણંદ જિલ્લાના સોજીત્રા રોડ ઉપર જલારામ પાર્ક વિભાગ 1માં રહેતા આર્શન નરેશભાઈ પટેલ 31 જુલાઈના રોજ સાંજના સમયે વાસદ મહિસાગર નદીના બ્રિજ નીચે પોતાનો મોબાઈલ ફોન અને બાઈક મૂકી અજાણ્યા કારણોસર નદીમાં કૂદી ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. ત્યારથી તેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. દરમિયાન 2 ઓગસ્ટના રોજ સવારે લગભગ 11 વાગ્યાના સમયે વડોદરા તાલુકાના ચોકારીપુરા-સિંધરોટ વિસ્તારમાં મહિસાગર નદીના પાણીમાં એક યુવકની લાશ તરતી હોવાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. તપાસ દરમિયાન મૃતદેહની ઓળખ આર્શન નરેશભાઈ પટેલ તરીકે થઈ હતી. ઘટનાની જાણ યોગીકુમાર દિલીપરાય પટેલે પોલીસને કરી હતી. તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

### સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની અછત દૂર કરવા નિર્ણય

## ૯૭૦૦ જ્ઞાન સહાયકની ભરતી, ઓનલાઈન અરજી શરૂ કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ અને ખાસ કરીને ધોરણ 6 થી 8માં અંગ્રેજી વિષયના શિક્ષકોની ખામી દૂર કરવા માટે રાજ્ય સરકારે મોટું પગલું ભર્યું છે. શિક્ષણની ગુણવત્તા સુધારવાના હેતુથી સરકારે 9700 જ્ઞાન સહાયકની કરાર આધારિત ભરતીની પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરી છે. પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ અરજીની શરૂઆત 4 ઓગસ્ટથી અને અરજીની છેલ્લી તારીખ 10 ઓગસ્ટ સુધી, મેરિટ લિસ્ટ 12 ઓગસ્ટ અને દસ્તાવેજ ચકાસણી 17 ઓગસ્ટ ના રોજ કરવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત સમયમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. પસંદગી પામેલા જ્ઞાન સહાયકોને 11 મહિનાના કરાર પર રાખવામાં આવશે. તેમને દર મહિને 21,000 રૂપિયા માનદવેતન આપવામાં આવશે. અરજી કરવા માટે ઉમેદવારની મહત્તમ વય મર્યાદા 42 વર્ષ નક્કી કરવામાં આવી છે.

સમગ્ર ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે મેરિટના આધારે કરવામાં આવશે. મેરિટ યાદી જાહેર થયા બાદ ઉમેદવારોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ ઉમેદવારોને પોતાની પસંદગીની શાળા પસંદ કરવાની તક આપવામાં આવશે અને અંતે રિપોર્ટિંગની પ્રક્રિયા પૂર્ણ થશે. સરકારના આ નિર્ણયથી એક તરફ શાળાઓમાં શિક્ષણ વધુ અસરકારક બનશે તો બીજી તરફ હજારો યુવાનોને રોજગારીની તક પણ મળશે.